**કાંઠા સુગરને અપાયેલી NCDCની 15.65 કરોડની લોનના મામલે**

# SPBના તત્કાલિન હોદ્દેદારોને તપાસો

**કાંઠા** સુગરના સભાસદ દર્શન નાયકે સ્ટેટ રજિસ્ટ્રાર કો.ઓ. અને જિલ્લા રજિસ્ટ્રારને કલમ-93 મુજબ નુકસાનીની તપાસ યોજવા માંગ કરી

સુરતઃ ગેરરીતિ આચરી નેશનલ કો.ઓપરેટિવ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NCDC) પાસેથી મેળવવામાં આવેલી 15.65 કરોડની લોન પ્રકરણમાં સુરત પીપલ્સ બેંકના જે તે સમયના જવાબદારો અને કાંઠા સુગર મંડળીના જવાબદાર પદાધિકારીઓની ભૂમિકાની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-1961ની કલમ-93ની જોગવાઈ અનુસાર નુકસાનીની તપાસણી કરી જવાબદારો સામે પગલાં ભરવા લેખિત ફરિયાદ આપવામાં આવી છે.

સહકારી આગેવાન અને કાંઠા સુગર ઓલપાડના સભાસદ દર્શન નાયકે સ્ટેટ રજિસ્ટ્રાર કો.ઓ. અને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ સુરતને લેખિત ફરિયાદ કરી આ સમગ્ર લોન કૌભાંડમાં કલમ- 93 મુજબ નુકસાનીની તપાસ યોજવા માંગ કરી તપાસના અંતે કસૂરવારો સામે કડક કાર્યવાહી કરવા માંગ કરવામાં આવી છે.

નાયકે ફરિયાદમાં જણાવ્યું છે કે, જે મુજબ ખાંડનો ખોટો સ્ટોક માન્ય કરી બેંક દ્વારા લોન આપવામાં આવી છે. ગુનો નોંધી આરોપીઓ તરીકે સુગર ફેક્ટરીના મેનેજિંગ ડિરેક્ટર અને સુરત પીપલ્સ કો.ઓપ. બેંકના પૂર્વ મેનેજિંગ ડિરેક્ટર સહિતના નામો દર્શાવ્યા છે. આમ, આ સમગ્ર કૌભાંડ પોલીસના રેકર્ડ પર છે. ખેડૂતો અને સાંભસદો દ્વારા અમોને જણાવ્યા મુજબના ઉપરોક્ત ગુનામાં મંડળીને રૂ.૧૫.૬૫ કરોડની લોન બેંક દ્વારા ખોટા ખાંડના સ્ટોક ઉપર આપવામાં આવી છે. માત્ર બેંકના મેનેજિંગ ડિરેક્ટર સામે પોલીસ ફરિયાદ થવાથી પ્રશ્ન પૂરો થઈ જતો નથી. પરંતુ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯૩ ની જોગવાઈ મુજબ બેંકને થયેલા નુકસાન બદલ બેંકના સંચાલક સહિત તમામ જુદાજુદા હોદેદારો પણ જવાબદાર છે. કેમ કે, પીપલ્સ બેંક માં બોર્ડની મીટિંગમાં ઠરાવ કર્યા વિના કે સત્તા આપ્યા વિના કોઈ પણ લોન અંગે, સ્ટોકની સ્થળ ચકાસણી અંગે, NCDC ની લોન કે કમિશન સાથેની લોન અંગેની મંજૂરી આપવામાં આવતી નથી. ખેડૂતો અને સભાસદો દ્વારા રજૂઆત કરવામાં આવી છે કે, ઓલપાડ પોલીસ સ્ટેશનમાં નોધયેલી ફરિયાદ અંતર્ગત આ લોન અંગે બેંકના જે હોદેદારોની જવાબદારી બને છે, તે હોદેદારોને આ લોન અંગે રાજકીય રીતે તેમનો બચાવવાનો અને છાવરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

### સભાસદ દર્શન નાયકે આ મુદ્દાઓ સાથે તપાસની માંગ કરી

» જૂન ૨૦૨૩ અને નવેમ્બર ૨૦૨૩માં સુરત પીપલ્સ બેન્કમાં NCDCની લોન માટે ઠરાવ કરનાર જે કોઈ જવાબદાર હોદ્દેદારો હોય તેની તપાસ કરી તેમની સામે નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવે. » NCDC ની રૂ.૧૫.૬૫ કરોડ રૂપિયાની બે તબક્કાની લોનની રકમ પીપલ્સ બેન્કમાં આવી નથી. NCDC નું કમિશન પણ પીપલ્સ બેન્કમાં આવ્યું નથી. ત્યારે કોઈની પણ શેહશરમ વિના તટસ્થ તપાસ કરવામાં આવે. » સુરત પીપલ્સ બેન્કમાં થયેલા ઠરાવોની નકલ અને કાંઠા સુગરનાં સ્ટોકની નકલોના દસ્તાવેજ, ઈમેલ ડેટા સહિતના દરેક ડેટા પોલીસે જપ્ત કરવા જોઈએ. » સુરત પીપલ્સ બેંકના ચૂંટાયેલ તમામ હોદ્દેદારો સામે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૯૩ની જોગવાઈ મુજબ બેંકને થયેલા નુકસાનની તપાસ કરી જવાબદારો સામે નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવે. » શ્રી કાંઠા વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળીના જે તે ઝોન સમિતિ નીમવામાં આવી છે તેમની પણ આ બાબતે જવાબદારી નક્કી કરી, તેમની સામે પણ નિયમોનુસાર કાર્યવાહી થવી જોઈએ. » ખેડૂતો અને મંડળીના સભાસદો દ્વારા મંડળીમાં નાખવામાં આવેલી શેરડીના લેવાના થતાં નાણાં તેમને મળે એ માટે પણ કાર્યવાહી કરવામાં આવે.

### બેંક દ્વારા કોઈ ઠરાવ કરવામાં આવ્યો નથી: મુકેશ ગજ્જર

સુરત પીપલ્સ બેંકના પૂર્વ ડિરેક્ટર મુકેશ ગજ્જરનો સંપર્ક કરતાં તેમણે જણાવ્યું હતું કે, NCDC ની લોન મામલે જે તે સમયે બેંકના બોર્ડ ઓફ મેનેજમેન્ટ દ્વારા કોઈ ઠરાવ કરવામાં આવ્યો નથી. પીપલ્સ બેન્ક તરફે કોઈ ગેરરીતિ કરવામાં આવી નથી. ફરિયાદ અંગે જો રજિસ્ટ્રાર તપાસ યોજશે તો જે તે સમયના ચેરમેનથી ડિરેક્ટર સુધીના લોકો તપાસમાં સહયોગ આપશે.

# નવસારીના બિલ્ડર પાસેથી ઠગે ફાયર NOCના 3 લાખ પડાવ્યા

**વાપીના** પ્રોજેક્ટ માટે લાઇઝનિંગનું કામ કરનાર સચિનના કેતન સુરતી વિરુદ્ધ ગુનો




સુરતઃ સુરતના સચિન વિસ્તારમાં રહેતા એક શખ્સે નવસારીના બિલ્ડર પાસેથી ફાયર સેફ્ટીનું NOC અપાવવાના બહાને 3 લાખ રૂપિયા એડવાન્સ પડાવી લીધા બાદ કામ ન કરી વિશ્વાસઘાત કર્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે.

મૂળ અમરેલીના ધારીના વતની અને હાલ નવસારીમાં રહેતા રાજેશકુમાર દલસુખભાઈ તળાવિયા બાંધકામ ક્ષેત્ર સાથે સંકળાયેલા છે. થોડા સમય પૂર્વે તેઓનો વાપીમાં એક મોટો પ્રોજેક્ટ પૂર્ણ થયો હતો, જેના માટે ફાયર સેફ્ટીનું એનઓસી (NOC) મેળવવાનું જરૂરી હતું. આ કામ માટે તેઓએ સચિન વિસ્તારમાં રહેતા અને લાઇઝનિંગનું કામ કરતાં કેતન હરીશભાઈ સુરતીનો સંપર્ક કર્યો હતો. કેતને કામ કરી આપવાનો ભરોસો આપી 3 લાખ રૂપિયા એડવાન્સમાં મેળવી લીધા હતા. ત્રણ લાખ રૂપિયા લીધા બાદ લાંબો સમય વીતવા છતાં કેતને ન તો એનઓસી અપાવ્યું કે ન તો કામગીરી આગળ વધારી હતી. બિલ્ડર રાજેશકુમારે પોતાના નાણાંની ઉઘરાણી કરી ત્યારે કેતને વાયદાઓ કરી સમય પસાર કરવાનું શરૂ કર્યું હતું. આખરે દબાણ વધતા કેતને નાણાં પરત કરવા માટે ચેક આપ્યો હતો, જે બેંકમાં રજૂ કરતા ફંડના અભાવે રિટર્ન થયો હતો. ઉઘરાણી કરતાં ઠગબાજ કેતને રાજેશકુમારને ખોટા કેસમાં ફસાવી દેવાની અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી. એટલું જ નહીં, અન્ય લોકો પાસે ખોટી ભલામણો કરાવીને ડરાવવાનો પણ પ્રયાસ કર્યો હતો. આખરે હિંમત હાર્યા વગર બિલ્ડરે સચિન પોલીસમાં ફરિયાદ આપતા પોલીસે કેતન હરીશભાઈ સુરતી વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# 8 જિલ્લાનાં 497 ગામના ખેડૂતો પાવરગ્રીડની વીજ લાઈન સામે વાંધો નોંધાવશે

**9 એપ્રિલે** અમદાવાદમાં અસરગ્રસ્ત ખેડૂતો વિરોધનો મોરચો માંડશે

સુરતઃ સમગ્ર ગુજરાતના 20 જિલ્લામાંથી પાવરગ્રીડ કોર્પોરેશન લિ.ની વીજ ટ્રાન્સમિશન લાઈન પસાર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત કે.પી. એસ. III એચ.વી.ડી.સી. ટ્રાન્સમિશન લિ. દ્વારા રાજ્યના 8 જિલ્લાના 26 તાલુકાનાં 497 ગામમાંથી ટ્રાન્સમિશન યોજનાના સરવે અને ઈલેક્ટ્રિસિટી એક્ટ 2003ની કલમ 164 હેઠળની સત્તા મેળવવા માટે ગત તા.12/02/206 ના રોજ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. આ જાહેરનામું પ્રસિદ્ધ થયાના 2 મહિનામાં વાંધા રજૂ કરવાના હોવાથી કિસાન સંઘર્ષ સમિતિ તથા ખેડૂત સમાજ ગુજરાતના નેજા હેઠળ અસરગ્રસ્ત ખેડૂતોમાં રોષ જોવા મળી રહ્યો છે. દક્ષિણ ગુજરાત ખેડૂત સમાજના પ્રમુખ રમેશ આઈ. પટેલ (ઓરમા) એ જણાવ્યું હતું કે, ૪૯૭ ગામના અસરગ્રસ્ત ખેડૂતો પોતાની વાંધા અરજીઓ આપવા માટે આગામી તા.06/04/2026 ના રોજ બપોરે 12 કલાકે કે.પી.એસ. III એચ.વી.ડી.સી. ટ્રાન્સમિશન લિ.,13માં માળ, સાઉથ કે.પી. એપિટોમા, મકરબા, અમદાવાદ ખાતેની કચેરીએ રૂબરૂ હાજર રહેશે. ખેડૂત સમાજ દ્વારા તમામ અસરગ્રસ્તોને જમીન અને અધિકારોના રક્ષણ માટે મોટી સંખ્યામાં ઊમટી પડવા આહવાન કરવામાં આવ્યું છે. જય જવાન, જય કિસાનના નારા સાથે ખેડૂતો આ મામલે લેખિતમાં વિરોધ નોંધાવી ન્યાયની માંગણી કરશે.

## અમદાવાદમાં ઢોસા ખાધા બાદ બાળકીઓનાં મોતમાં મૃતદેહ બહાર કાઢી પોસ્ટમોર્ટમ

અમદાવાદઃ અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં ઢોસા ખાધા બાદ બે નાની બાળકીના શંકાસ્પદ મૃત્યુની ઘટનામાં પોલીસની તપાસ વધુ તેજ બની છે. ચાંદખેડામાં ડેરીમાંથી ખરીદેલા ખીરાથી ઢોસા બનાવી તે ખાધા બાદ માસુમ બાળકીનું મૃત્યું થયું હતું આ ઘટના બાદ પરિવાર દ્વારા બંને બાળકીના મૃતદેહની અંતિમવિધિ કરવામાં આવી હતી. પરંતુ મૃત્યુ અંગે શંકા ઊભી થતાં પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે અઢી માસની બાળકીનો મૃતદેહ સ્મશાનમાંથી બહાર કાઢવામાં આવ્યો છે અને હવે તેનો પોસ્ટમોર્ટમ કરવામાં આવશે. આ કાર્યવાહી દરમિયાન FSLની ટીમને પણ સાથે રાખવામાં આવી છે, જેથી મોતનું ચોક્કસ કારણ જાણી શકાય. પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત વચ્ચે મૃતદેહ બહાર કાઢીને તપાસ આગળ ધપાવવામાં આવી રહી છે.

# UPSC દ્વારા NDA-NA પરીક્ષા 12 એપ્રિલે સુરતમાં યોજાશે

**ત્રણ** પરીક્ષા કેન્દ્ર પર 942 ઉમેદવાર હાજર રહેશે; પરીક્ષા સુચારુ, પારદર્શક અને વ્યવસ્થિત રીતે યોજાય એ માટે સંપૂર્ણ તૈયારીઓ પૂર્ણ

સુરતઃ સુરત શહેરમાં નેશનલ ડિફેન્સ એકેડમી એન્ડ નવસ એકેડમી એક્ઝામિનેશન-૨૦૨૬નું આયોજન 12 એપ્રિલ રવિવારે કરવામાં આવ્યું છે. આ પરીક્ષા UPSC દ્વારા લેવામાં આવે છે, જેમાં રાષ્ટ્રીય રક્ષા એકેડેમી (NDA) અને નેવલ એકેડેમી (NA) માટે ઉમેદવારોની પસંદગી કરવામાં આવે છે.

આ પરીક્ષા સુરત શહેરનાં કુલ ત્રણ કેન્દ્ર પર યોજાશે, જેમાં સર વીડીટી ગર્લ્સ હાઈસ્કૂલ, સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ અને પીપરડીવાલા ઇંગ્લિશ મિડીયમ હાઈસ્કૂલનો સમાવેશ થાય છે, જેમાંથી સર વી.ડી.ટી. ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે પરીક્ષા ત્રણ સેશનમાં યોજાનાર છે. ત્રણેય કેન્દ્ર મળી કુલ 942 ઉમેદવાર નોંધાયેલા છે, જે પરીક્ષા આપવા હાજર રહેશે. જિલ્લા પ્રશાસન અને જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી દ્વારા પરીક્ષા સુચારુ, પારદર્શક અને વ્યવસ્થિત રીતે યોજાય એ માટે સંપૂર્ણ તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે.

પરીક્ષા દરમિયાન કેન્દ્રો પર કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. પ્રશ્નપત્રો સમયસર પહોંચે અને વિતરણ થાય તેની ખાસ કાળજી રાખવામાં આવી છે. સાથે જ ઉમેદવારોને જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ રહે તે માટે પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

ઉમેદવારોને સૂચના આપવામાં આવી છે કે તેઓ પોતાની હોલ ટિકિટમાં દર્શાવેલી તમામ સૂચનાઓનું ધ્યાનપૂર્વક વાંચન કરી તેનું પાલન કરે, જેથી પરીક્ષા પ્રક્રિયા સરળતાથી પૂર્ણ થઈ શકે.

## સુરત નવી સિવિલમાં હજયાત્રીઓ માટે વેક્સિન વ્યવસ્થા

સુરતઃ નવી સિવિલ હોસ્પિટલમાં હજ યાત્રા માટે જરૂરી વેક્સિનની વ્યવસ્થા શરૂ કરવામાં આવી છે. આજે આ વેક્સિનેશન કેમ્પનો છેલ્લો દિવસ છે. જે હજ યાત્રીઓની વેક્સિન બાકી રહી ગઈ હોય તેઓને લાભ આપવા માટે આ ખાસ એક દિવસીય આયોજન કરવામાં આવ્યું છે. અગાઉ ત્રણ દિવસ સુધી વેક્સિન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં હજ યાત્રીઓએ લાભ લીધો હતો. તેમ છતાં કેટલાક યાત્રીઓની વેક્સિન પ્રક્રિયા પૂર્ણ ન થઈ શકી હોવાથી આ વધારાનો દિવસ રાખવામાં આવ્યો છે. વેક્સિનેશન સમયે યાત્રીઓએ પાસપોર્ટ ફોટો, ઓરિજનલ પાસપોર્ટ અને આધાર કાર્ડ સહિતના યોગ્ય દસ્તાવેજો સાથે લાવવાના રહેશે. હજ કમિટી અને હોસ્પિટલ વહીવટીતંત્રે યાત્રીઓને અપીલ કરી છે કે, આજે સમયસર હોસ્પિટલ પહોંચીને વેક્સિન લઈ લે, જેથી હજ યાત્રા સુરક્ષિત બને.

# યુપી, બિહાર માટે 6 જોડી વિશેષ ટ્રેનોના ફેરા લંબાવાયા

સુરતઃ ઉનાળું વેકેશનમાં વતન જતાં મુસાફરોનો ધસારો જોતા પશ્ચિમ રેલવે દ્વારા મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. મુસાફરોની સુવિધા માટે વિવિધ રૂટ પર દોડતી 6 જોડી (કુલ 12) સ્પેશિયલ ટ્રેનોના સંચાલન સમયગાળામાં વધારો કરવામાં આવ્યો છે. આ નિર્ણયથી ઉત્તર પ્રદેશ અને બિહાર તરફ જનારા મુસાફરોને મોટી રાહત મળશે.

### ટ્રેનોના સંચાલનની નવી સમયમર્યાદા

(1) મુંબઈ સેન્ટ્રલ-કટિહાર (09189/09190)મુંબઈ સેન્ટ્રલથી આ ટ્રેન હવે 16 મેથી 25 જુલાઈ, 2026 સુધી અને પરતમાં કટિહારથી 19 મેથી 28 જુલાઈ, 2026 સુધી દોડશે. (2) મુંબઈ સેન્ટ્રલ-વારાણસી/બનારસ (09183/09184)મુંબઈથી આ સ્પેશિયલ ટ્રેન 20 મેથી 29 જુલાઈ સુધી, જ્યારે બનારસથી 22 મેથી 31 જુલાઈ, 2026 સુધી લંબાવવામાં આવી છે. (3) ઉધના-અયોધ્યા કેન્ટ (09093/09094)ઉધના સ્ટેશનથી અયોધ્યા માટેની આ ટ્રેન હવે 15 મેથી 31 જુલાઈ સુધી કાર્યરત રહેશે. પરતમાં અયોધ્યાથી તે 1 ઓગસ્ટ, 2026 સુધી દોડશે. (4) ઉધના-અયોધ્યા કેન્ટ (બીજી સાપ્તાહિક - 09097/09098)આ ટ્રેન ઉધનાથી 19 મેથી 28 જુલાઈ અને અયોધ્યાથી 20 મે થી 29 જુલાઈ, 2026 સુધી દોડાવવામાં આવશે. (5) અમદાવાદ-દરભંગા (09465/09466)અમદાવાદથી ઉપડતી આ સ્પેશિયલ ટ્રેન 15 મેથી 26 જૂન સુધી લંબાવી છે. જ્યારે દરભંગાથી આ ટ્રેન 29 જૂન, 2026 સુધી દોડશે. (6) ગાંધીધામ-ભાગલપુર (09451/09452):કચ્છના ગાંધીધામથી આ ટ્રેન હવે 15 મે થી 26 જૂન સુધી ઉપલબ્ધ રહેશે. ભાગલપુરથી પરત આવતી ટ્રેન 29 જૂન, 2026 સુધી લંબાવવામાં આવી છે.

## અનુસંધાન... પાના પહેલાનું

### વૈશ્વિક બજારમાં...

અમેરિકામાં પેટ્રોલના સરેરાશ ભાવ વધીને ગેલન દીઠ 4.14 ડોલર થઈ ગયા છે, જે યુદ્ધ પહેલા 3 ડોલરથી નીચે હતા. ઉંચા ઈંધણ ખર્ચને કારણે યુનાઈટેડ એરલાઈન્સ અને નોર્વેજીયન ક્રૂઝ જેવી કંપનીઓના શેરમાં મોટો ઘટાડો જોવા મળ્યો છે. બીજી તરફ, ઈરાને યુદ્ધવિરામનો પ્રસ્તાવ ઠુકરાવી દીધો છે અને યુદ્ધને કાયમ માટે બંધ કરવાની માગ કરી છે. ઈરાની વહીવટીતંત્રએ યુવાનોને પાવર પ્લાન્ટ્સના રક્ષણ માટે 'માનવ સાંકળ' બનાવવા આહ્વાન કર્યું છે. જોકે, હેલ્થ ઇન્સ્યોરન્સ કંપનીઓ અને યુનિવર્સલ મ્યુઝિક ગ્રુપના શેરમાં તેજી આવતા બજારના નુકસાનમાં થોડી રાહત મળી છે. રોકાણકારો હવે ટ્રમ્પની ડેડલાઈન બાદ શું પગલાં લેવાય છે તેની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

### ઈરાન માટે...

પ્લાન્ટ્સની સુરક્ષા માટે માનવ સાંકળો બનાવવાની અપીલ કરી હતી. ટ્રમ્પે અગાઉની સમયમર્યાદાઓ લંબાવી છે, પરંતુ તેમણે સંકેત આપ્યો હતો કે વોશિંગ્ટનમાં રાત્રે 8 વાગ્યાનો સમય અંતિમ હતો. બંને પક્ષો વચ્ચે નિવેદનબાજી ચરમસીમાએ પહોંચી છે, જેના કારણે ઈરાની નાગરિકો ભારે તણાવમાં છે. ટ્રમ્પે ધમકી આપી હતી કે જો તેહરાન આ સામુદ્રધુનીમાં પરિવહન સંપૂર્ણપણે ફરી શરૂ થવા નહીં દે, તો તે ઈરાનના તમામ પાવર પ્લાન્ટ્સ અને પુલોનો નાશ કરશે.

### ઇરાનના લોકોમાં હતાશા

તેહરાનમાં વાતાવરણ ખૂબ જ નિરાશાપૂર્ણ હતું. એક યુવાન શિક્ષિકાએ જણાવ્યું કે ઈરાની ઈસ્લામિક શાસનના ઘણા વિરોધીઓને આશા હતી કે ટ્રમ્પના હુમલાઓ આ શાસનને ઝડપથી તોડી પાડશે. હવે, જેમ જેમ યુદ્ધ લંબાતું જાય છે, તેમ તેને ડર છે કે અમેરિકા અને ઈઝરાયેલના હુમલાઓ અરાજકતા ફેલાવશે.

### ટ્રમ્પની ધમકીનો અમલ યુદ્ધ અપરાધ ગણાશે: વિશ્વનેતાઓની ચેતવણી

અનેક વિશ્વનેતાઓ અને નિષ્ણાતોએ જણાવ્યું છે કે પાવર પ્લાન્ટો અને અન્ય સુવિધાઓને નષ્ટ કરવાનું કૃત્ય યુદ્ધ ગુનો ગણાશે. ફ્રેન્ચ વિદેશ મંત્રી જીન-નોએલ બેરોટે પણ સંયમ રાખવાની વધતી જતી આંતરરાષ્ટ્રીય અપીલમાં સુર પુરાવતા જણાવ્યું હતું કે, નાગરિકો અને ઉર્જા માળખાગત સુવિધાઓને નિશાન બનાવીને કરવામાં આવતા હુમલાઓ યુદ્ધના નિયમો અને આંતરરાષ્ટ્રીય કાયદા દ્વારા પ્રતિબંધિત છે.

### અમેરિકાએ ફરી...

છે. ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (આઈઆરજીસી)એ આ હુમલા બાદ ગંભીર ચેતવણી આપતા કહ્યું છે કે હવે 'સંયમની સીમા આવી ગઈ છે'. આઈઆરજીસીએ અમેરિકા અને તેના સહયોગી દેશોના ઊર્જા માળખાને 'રાખ' માં ફેરવી દેવાની અને વર્ષો સુધી તેલ-ગેસનો પુરવઠો રોકી દેવાની ધમકી આપી છે. ઉલ્લેખનીય છે કે ખાર્ગ આઈલેન્ડ ઈરાનનું મુખ્ય ઓઈલ ટર્મિનલ છે, જ્યાંથી 90 ટકા કાચા તેલની નિકાસ થાય છે. ફેબ્રુઆરીમાં શરૂ થયેલા આ સંઘર્ષમાં અમેરિકા અને ઈઝરાયેલે ઈરાનના ટોચના નેતાઓ પર હુમલા કર્યા હતા, જેના જવાબમાં ઈરાને હોર્મુઝની સામુદ્રધુની બ્લોક કરી દીધી હતી. ટ્રમ્પે અગાઉ જ ચેતવણી આપી હતી કે જો ઈરાન કરાર નહીં કરે તો તેણે 'મોટી કિંમત' ચૂકવવી પડશે. તાજેતરના હવાઈ હુમલાઓ ટ્રમ્પની પુલ પર હુમલો કરવાની ધમકી સાથે સંબંધિત હતા કે કેમ તે સ્પષ્ટ થયું નથી. બે પુલ અને એક સ્ટેશન પર આ પહેલા જ હુમલો કરીને ઉડાવી દેવાયા હતા.

### તેહરાને અમેરિકા...

છે. આઉટલેટે અહેવાલ આપ્યો કે, "ઈરાને અમેરિકા સાથેના તમામ રાજદ્વારી અને પરોક્ષ સંપર્ક માર્ગો બંધ કરી દીધા છે. કોઈપણ અને તમામ પ્રકારના સંદેશા વ્યવહારની આપ-લે પણ સ્થગિત કરવામાં આવી છે. જો કે દિવસ દરમ્યાન ઉપપ્રમુખ વાન્સે જણાવ્યું હતું કે ઇરાન સાથે વાતચીત ચાલુ છે, જ્યારે એક અમેરિકી અધિકારીએ પણ જણાવ્યું હતું કે ચોક્કસપણે વાતચીત ચાલુ છે. મધ્યસ્થીકાર પાકિસ્તાને જણાવ્યું છે કે પાકિસ્તાનની લશ્કરી અને નાગરિક નેતાગીરી સમાધાન કરાવવાના પ્રયાસોમાં લાગી છે.

### બોમ્બ હુમલામાં...

બાળકો અને તેમની માતા બેડરૂમમાં સૂઈ રહ્યા હતા. એક અધિકારીના જણાવ્યા પ્રમાણે આ બાળકોનો પિતા એક કેન્દ્રીય સુરક્ષા દળમાં છે, જે કયાંક બહાર ફરજ બજાવે છે. મુખ્યમંત્રી વાય. ખેમચંદ સિંહે આ હુમલાને જંગલી કૃત્ય ગણાવ્યું હતું અને લોકોને ખાતરી આપી હતી કે આ ગુના માટે જવાબદાર લોકોને શોધી કાઢવામાં આવશે અને કાયદા હેઠળ તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

### CRPF કેમ્પ...

ફાયરિંગ કરવામાં આવ્યું. તેમણે આ ફાયરિંગ કાં તો સ્વબચાવમાં અથવા ગુસ્સામાં કર્યું હતું. આ ફાયરિંગમાં કમનસીબે બે વ્યક્તિઓના મોત થયા છે, જ્યારે અન્ય પાંચ લોકોને ગોળી વાગવાથી ઈજાઓ થઈ છે. મોડેથી મણિપુર પોલીસે જણાવ્યું હતું કે ૨૦ જણાને ઇજા થઇ છે.

### ઇરાનીઓએ પાવર...

નાગરિકો અહવાઝમાં વ્હાઇટ બ્રિજ પર એકઠા થયા હતા અને અમેરિકા-ઈઝરાયેલની ધમકીઓ વચ્ચે મુખ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સુરક્ષા માટે માનવ સાંકળ બનાવી હતી. તેઓએ ભારપૂર્વક જણાવ્યું હતું કે નાગરિક સુવિધાઓ પરના હુમલાઓને આંતરરાષ્ટ્રીય કાયદાઓનું ઉલ્લંઘન માનવામાં આવે છે. મુંબઈમાં ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાનના કોન્સ્યુલેટ જનરલ દ્વારા શેર કરવામાં આવેલ એક વીડિયોમાં આ નાગરિકોના પ્રયાસને રેખાંકિત કરવામાં આવ્યો છે, જે એ વાત પર ભાર મૂકે છે કે સામાન્ય ઈરાનીઓ નથી ઈચ્છતા કે વધતા સંઘર્ષમાં તેમના દેશના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નુકસાન થાય.

### ઉત્તર ભારતમાં...

મોહાલી, પટિયાલા, પઠાણકોટ અને લુધિયાણામાં પણ વરસાદ પડ્યો હતો. લુધિયાણામાં મહત્તમ તાપમાન 24.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સામાન્ય કરતાં નવ ડિગ્રી ઓછું હતું, જ્યારે પટિયાલામાં મહત્તમ તાપમાન 26.1 ડિગ્રી નોંધાયું હતું, જે સામાન્ય કરતાં સાત ડિગ્રી ઓછું હતું. પઠાણકોટમાં મહત્તમ તાપમાન 23.5 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે હોશિયારપુરમાં મહત્તમ તાપમાન 23.9 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હરિયાણાના હિસારમાં પારો 25.4 ડિગ્રી સેલ્સિયસ પર રહ્યો - જે સામાન્ય કરતાં 10 ડિગ્રી ઓછો હતો - જ્યારે અંબાલામાં મહત્તમ તાપમાન 26.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સામાન્ય કરતાં સાત ડિગ્રી ઓછું હતું. કરનાલમાં મહત્તમ તાપમાન 25.5 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સામાન્ય મર્યાદા કરતાં આઠ ડિગ્રીથી વધુ નીચે હતું. દિલ્હી, જ્યાં છેલ્લાં બે અઠવાડિયાંમાં અનેક વખત ઝાપટાં પડ્યાં છે ત્યાં વરસાદનો વધુ એક રાઉન્ડ આવ્યો હતો, જેનાથી સતત વધી રહેલા તાપમાનમાં ખૂબ જ જરૂરી રાહત મળી હતી. હવામાનમાં આ ફેરફાર પવનની બદલાતી પેટર્ન અને પશ્ચિમી વિક્ષેપના પ્રભાવને કારણે હતો, જેના કારણે બુધવારે પણ રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રમાં આકાશ અંશતઃ વાદળછાયું રહેવાની સાથે હળવા વરસાદની શક્યતા છે.

### ઈરાનમાં વસતા...

ઈરાનમાં અંદાજે 9,000 ભારતીયો હતા, જેમાંથી 1,800 પરત આવી ચૂક્યા છે. બાકીના લોકોની સુરક્ષા માટે દૂતાવાસે '+989128109115' સહિતના ઈમરજન્સી નંબરો કાર્યરત રાખ્યા છે.

### ગુજરાતમાં ભરઉનાળે...

માટે રાજ્યમાં વરસાદનું યલ્લો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારમાં સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, અમરેલી, ભાવનગર, મોરબી, દ્વારકા, બોટાદ અને કચ્છ જિલ્લામાં પણ છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે.

### કેસર કેરીના હબ તાલાલામાં કરૂણ દ્રશ્યો, આંબા પર ફર્યા કુહાડા

વાતાવરણની બદલાતી પેટર્નને કારણે ગીરના તાલાલા પંથકના ખેડૂતો પાયમાલ થઈ રહ્યા છે. છેલ્લા ૪-૫ વર્ષથી સતત આવતા માવઠા અને વાવાઝોડાથી કંટાળીને ખીરધાર ગામના ખેડૂતોએ પોતાના સંતાનની જેમ ઉછેરેલા આંબાના બગીચાને જડમૂળથી કાપી નાખ્યા છે. ખેડૂતોનું કહેવું છે કે, આંબામાં ફ્લાવરિંગ સારું થાય છે પણ માવઠાને કારણે કેરીઓ ખરી પડે છે. ૭૦ થી ૮૦ હજારનો ખર્ચ કરવા છતાં ઉત્પાદન ન મળતા ખેડૂતો હવે મગફળી, ઘઉં અને ચણા જેવા પાકો તરફ વળી રહ્યા છે.

### દિલ્હી ડાયરી...

વધુ જોવા મળશે. આખરે, દિલ્હીની સત્તાનો માર્ગ ઉત્તર પ્રદેશ થઈને જ જાય છે.

# સીએ ફાઈનલ પરીક્ષા હવે વર્ષમાં માત્ર બે વખત લેવાશે

**મે-2026થી** અમલમાં આવશે નવો નિયમ

સુરતઃ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (ICAI) દ્વારા સીએ ફાઈનલ પરીક્ષાઓના આયોજન સંબંધિત મહત્વપૂર્ણ નિર્ણય જાહેર કરવામાં આવ્યો છે. તા. 06 એપ્રિલ, 2026ના રોજ કરવામાં આવેલી આ જાહેરાત અનુસાર હવે સીએ ફાઈનલ પરીક્ષા વર્ષમાં ત્રણ વખતના બદલે માત્ર બે વખત લેવામાં આવશે. સુરત બ્રાન્ચના ચેરમેન સી.એ. રાહુલ અગ્રવાલે માહિતી આપતા જણાવ્યું હતું કે અત્યાર સુધી સીએ ફાઈનલ પરીક્ષાઓ જાન્યુઆરી, મે અને સપ્ટેમ્બર મહિનામાં લેવામાં આવતી હતી. પરંતુ હવે નવી વ્યવસ્થામાં મે અને નવેમ્બર મહિનામાં વર્ષમાં બે વખત જ પરીક્ષા લેવામાં આવશે. આ નવો નિયમ મે 2026થી અમલમાં આવશે. ICAIની કાઉન્સિલ દ્વારા વિવિધ સ્ટેકહોલ્ડર્સ પાસેથી પ્રાપ્ત થયેલા પ્રતિસાદને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. પરીક્ષા પ્રણાલીને વધુ સુવ્યવસ્થિત બનાવવા, તેમજ વિદ્યાર્થીઓ અને વ્યવસાયિક ક્ષેત્ર બંને માટે અસરકારકતા વધારવાનો મુખ્ય ઉદ્દેશ આ બદલાવ પાછળ રહેલો છે. સુરત સ્થિત ICAIની WIRC બ્રાન્ચે આ નિર્ણયને પ્રગતિશીલ ગણાવી તેનું સ્વાગત કર્યું છે. બ્રાન્ચના પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓને તૈયારી માટે વધુ સમય મળશે અને અભ્યાસનું આયોજન વધુ સારી રીતે કરી શકાશે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### ભાજપ પાર્લામેન્ટ્રી...

પંચાલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, સંગઠન મહામંત્રી રત્નાકર, પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, પૂર્વ સિનીયર કેબિનેટ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, પૂર્વ પ્રદેશ અધ્યક્ષ આર સી ફળદુ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પાર્ટીના આંતરિક સુત્રો જણાવી રહ્યા છે કે, પાર્ટી દ્વારા સંગઠનને નવું લોહી પૂરું પાડવા અને યુવા ચહેરાઓને તક આપવા માટે મહત્વના નિર્ણયો લેવાયા છે. જેમાં ૬૦ વર્ષથી વધુ વય ધરાવતા કોઈપણ કાર્યકર કે નેતાને ચૂંટણીમાં ઉમેદવારી કરવાની તક આપવામાં નહીં આવે. ઉપરાંત જે સભ્યોએ સતત ત્રણ ટર્મ (૧૫ વર્ષ) પૂર્ણ કરી છે, તેમને આ વખતે ફરજિયાત આરામ આપી નવા ચહેરાઓને મેદાનમાં ઉતારવામાં આવશે. પક્ષે સ્પષ્ટ કર્યું છે કે જો પરિવારમાં કોઈ એક સભ્યને અગાઉ ટિકિટ આપવામાં આવી હોય, તો તે જ પરિવારના બીજા સભ્યને ટિકિટ આપવામાં નહીં આવે. પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠકમાં આજે અને આવતીકાલેઃ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાના ઉમેદવારોના નામો પર વિસ્તૃત ચર્ચા અને મંથન કરવામાં આવશે. જયારે ૯ એપ્રિલે મહાનગરપાલિકાની ચૂંટણી માટેના ઉમેદવારોના નામો પર અંતિમ મહોર મારવામાં આવશે.

### અવિશ્વાસ?: સુરતમાં...

પ્રશાંત કોરાટની આગેવાનીમાં, શહેર પ્રમુખ પરેશ પટેલ તથા ધારાસભ્યો અને પૂર્વ શહેર પ્રમુખ નિરંજન ઝાંઝમેરા દ્વારા પછાડી સંકલન બેઠક યોજાઈ, જેમાં સુરત મહાનગરપાલિકા માટે સંભવિત ઉમેદવારોની ફાઈનલ યાદી તૈયાર કરી પાર્લમેન્ટરી બોર્ડને રજુ કરવામાં આવી હતી. જો કે પાર્લમેન્ટરી બોર્ડે સુરત શહેર દ્વારા મોકલાયેલી યાદી પર સીધું ધ્યાન આપવાનું છોડીને દાવેદારી કરનારા તમામની યાદી મોકલવાનો આદેશ કર્યો હોવાનુ કહેવાઇ રહયું છે. જેના કારણે સ્થાનિક સ્તરે કપાઇ ગયેલા અનેક દાવોદારોને ટીકીટ મળવાની આશા ફરી જીવતી થઇ છે.

### પ્રચાર સામગ્રી,...

જેમાં પારંપરિક વસ્તુઓ ઉપરાંત હવે માથાના બક્કલ, હેર બેન્ડ, સાડી પિન, બ્રેસલેટ, હેન્ડબેગ અને મોબાઈલ એસેસરીઝ જેવી અવનવી વસ્તુઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. ચૂંટણી પ્રચાર માટે તૈયાર કરવામાં આવતી આ સામગ્રીમાં કાપડની ગુણવત્તા પર ખાસ ધ્યાન આપવામાં આવે છે, જેમાં મોટાભાગના રાજકીય પક્ષો ઓછી કિંમતની અને 'યુઝ એન્ડ થ્રો' પ્રકારની વેરાયટી વધુ પસંદ કરે છે. ખાસ કરીને રેલીઓ અને સભાઓમાં વિતરણ કરવામાં આવતા ખેસ અને ઝંડાઓ હલકી ગુણવત્તાના કાપડમાંથી બનાવવામાં આવે છે, કારણ કે તેનો ઉપયોગ માત્ર એક જ વાર કરવાનો હોય છે અને ઘણીવાર કાર્યક્રમ બાદ લોકો તેને સ્થળ પર જ મૂકી દેતાં હોય છે. આ પ્રકારની સામગ્રી સસ્તી પડતી હોવાથી પક્ષો તેનો મહત્તમ ઓર્ડર આપે છે.

સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈને સુરતના વેપારીઓ હાલ રાત-દિવસ એક કરીને વિવિધ પક્ષોના લોગોવાળા ખેસ અને બ્રેસલેટ તૈયાર કરી રહ્યા છે, જે સુરતના વેપાર જગત માટે આર્થિક રીતે મોટો ટેકો સાબિત થઈ રહ્યો છે.

### જંબુસરમાં અચાનક...

અચાનક બદલાયેલા મોસમથી ગરમીથી છૂટકારો મળ્યો હતો. જો કે, ગ્રામ્ય વિસ્તારોના ખેડૂતો માટે આ પરિસ્થિતિ ચિંતાનો વિષય બની છે. ખેતરોમાં ઊભેલા પાક પર વરસાદની અસર થવાની ભીતિથી તેઓ પાક સુરક્ષિત રાખવા દોડધામ કરતા જોવા મળ્યા હતા.

### સુરતમાં 14...

દિવસે શહેરમાં ૭૦ ટકા જેટલું ભેજ નોંધાયું હતું, જેનાથી વાતાવરણ થોડું ભીનાશભર્યું રહ્યું હતું. ઉપરાંત, દક્ષિણ-પશ્ચિમ દિશાથી આશરે ૧૪ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ફૂંકાયેલા પવને ગરમીને નિયંત્રિત કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ખાસ કરીને બપોરના સમયમાં સામાન્ય રીતે અનુભવાતી તીવ્ર ગરમીની અસર આજે ઓછી રહી હતી. પવનના ઝોકા અને તાપમાનમાં ઘટાડાને કારણે શહેરવાસીઓએ સુખદ વાતાવરણનો અનુભવ કર્યો હતો. હવામાન વિભાગના અનુમાન મુજબ, આગામી દિવસોમાં પણ આવી જ સ્થિતિ યથાવત રહેવાની શક્યતા છે, અને તાપમાનમાં મોટા ફેરફારો જોવા મળવાની સંભાવના ઓછી છે.

### હથોડા સહિતના...

મુશ્કેલીમાં મુકાયા હતા. ભીષણ ગરમી વચ્ચે આકાશમાં કાળાડિબાંગ વાદળો ઘેરાયાં હતાં અને જોતજોતામાં વરસાદી છાંટા પડવાનું શરૂ થયું હતું. અચાનક આવેલા આ કુદરતી ફેરફારને કારણે સમગ્ર પંથકમાં ઠંડક પ્રસરી ગઈ હતી, જેનાથી લોકોને ગરમીમાં આંશિક રાહત મળી હતી. વાતાવરણમાં પલટો આવતાં કેરી પકવતા ખેડૂતોમાં ચિંતા પેંઠી છે.

### ખજોદ આગઃ...

સતત થઈ રહેલા પર્યાવરણ પ્રદૂષણ મામલે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (જીપીસીબી) દ્વારા સુરત મહાનગરપાલિકાને કડક નોટિસ ફટકારવામાં આવી છે. પર્યાવરણ સંરક્ષણ અધિનિયમ-1986 હેઠળ જારી આ નોટિસમાં અનેક ગંભીર ઉલ્લંઘનોનો ઉલ્લેખ કરી તાત્કાલિક પગલાં ભરવા આદેશ આપવામાં આવ્યો છે.

24 માર્ચ-2026ના રોજ ખજોદ ડમ્પિંગ સાઈટ પર આગ ભભૂકી ઊઠી હતી, જેમાં અંદાજે 10,000 ચોરસ મીટર વિસ્તારમાં કચરાના ઢગલામાં આગ ફેલાઈ ગઈ હતી. પવનના કારણે આગ વધુ ફેલાતી જઈ 27 માર્ચ સુધીમાં આશરે 20,000 ચોરસ મીટર વિસ્તાર સુધી પ્રસરી ગઈ હતી. આ આગમાં પ્લાસ્ટિક સહિતના ઘન કચરાના દહનથી ભારે ધુમાડો ફેલાતાં આસપાસના વિસ્તારમાં હવા પ્રદૂષિત થઈ ગઈ હતી. 28 માર્ચે જીપીસીબીના અધિકારીઓએ દીપલી ગામ ખાતે નિરીક્ષણ દરમિયાન નોંધ્યું કે ખજોદ સાઈટ પરથી નીકળતો ધુમાડો ગામ તરફ વળી રહ્યો હતો. ગામમાં સફેદ ધુમાડો અને બળતા કચરાની દુર્ગંધ સ્પષ્ટ અનુભવી હતી, જેના કારણે સ્થાનિક લોકોનાં આરોગ્ય પર અસર થવાની ભીતિ ઊભી થઈ છે.

જીપીસીબીએ ચેતવણી આપી છે કે, 15 દિવસમાં જવાબ નહીં આપવામાં આવે તો એકતરફી નિર્ણય લઈને પર્યાવરણ સંરક્ષણ અધિનિયમ હેઠળ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ સમગ્ર મામલો સુરત શહેરમાં કચરા વ્યવસ્થાપન અંગે ગંભીર પ્રશ્નો ઊભા કરી રહ્યો છે અને આવનારા સમયમાં SMC સામે વધુ કડક પગલાં લેવાય તેવી શક્યતા વ્યક્ત થઈ રહી છે.

### હવાની ગુણવત્તા ઉપર ગંભીર અસર થઈ છે

એર ક્વોલિટી ચકાસણીમાં PM 2.5, PM 10, HCHO અને TVOC જેવા પ્રદૂષકોના પ્રમાણ ચિંતાજનક સ્તરે નોંધાયા હતા, જે દર્શાવે છે કે આગના કારણે હવાની ગુણવત્તા પર ગંભીર અસર થઈ છે.

**Muthoot Homefin | મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ**
કોર્પોરેટ ઓફિસઃ મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ, 19/E, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, તુલસી પાઈપ રોડ, રૂપારેલ કોલેજ પાસે, દાદર વેસ્ટ, મુંબઈ - 400028.

**શુદ્ધિપત્ર**

નીચે જણાવેલ દેવાદારો અને LAN નંબર હેઠળ માર્ચ 31, 2026ના રોજ 'ધ બિઝનેસ સ્ટાન્ડર્ડ' (અંગ્રેજી) અને 'ગુજરાત મિત્ર' (ગુજરાતી) અમદાવાદ (સુરત, પલસાણા) આવૃત્તિમાં પ્રકાશિત થયેલ હરાજી નોટિસની જાહેરાતનો સંદર્ભ લેવો. અમે જણાવવા માંગીએ છીએ કે અજાણતા થયેલ ભૂલને કારણે નિરીક્ષણ તારીખ (Inspection Date), અંતિમ તારીખ (Last Date) અને હરાજીની તારીખ (Auction Date) ખોટી પ્રકાશિત થઈ હતી. તેથી, અમે સાચી વિગતો વાંચવા વિનંતી કરીએ છીએ. મહેરબાની કરીને નીચે મુજબની વિગતો વાંચો.

| ક્રમ | દેવાદારનું નામ અને લોન એકાઉન્ટ નંબર | ખોટી નિરીક્ષણ તારીખ | સાચી નિરીક્ષણ તારીખ | ખોટી અંતિમ તારીખ | સાચી અંતિમ તારીખ | ખોટી હરાજી તારીખ | સાચી હરાજી તારીખ |
|---|---|---|---|---|---|---|---|
| 1. | બ્રિજેન્દ્રમણિ જી મિશ્રા / 004-00000094 | 04-Apr-2026 | 04-May-2026 | 05-Apr-2026 | 05-May-2026 | 06-Apr-2026 | 06-May-2026 |
| 2. | ધીરેન્દ્ર રાજધારી સિંહ / 004-00000538 | 04-Apr-2026 | 04-May-2026 | 05-Apr-2026 | 05-May-2026 | 06-Apr-2026 | 06-May-2026 |
| 3. | સુરેશ મોતીરામ ગોરા / 004-00403864 | 04-Apr-2026 | 04-May-2026 | 05-Apr-2026 | 05-May-2026 | 06-Apr-2026 | 06-May-2026 |
| 4. | ઓમકાર કલ્પનાથ સાહની / 004-00402119 | 04-Apr-2026 | 04-May-2026 | 05-Apr-2026 | 05-May-2026 | 06-Apr-2026 | 06-May-2026 |
| 5. | અશ્વિની વેદાંતી મિશ્રા / 004-00405461 | 04-Apr-2026 | 04-May-2026 | 05-Apr-2026 | 05-May-2026 | 06-Apr-2026 | 06-May-2026 |
| 6. | મીનાબેન સુરેશકુમાર ચૌહાણ / 004-00000492 | 04-Apr-2026 | 04-May-2026 | 05-Apr-2026 | 05-May-2026 | 06-Apr-2026 | 06-May-2026 |
| 7. | વિકીભાઈ કાનજીભાઈ સોલંકી / 004-00404114 | 04-Apr-2026 | 04-May-2026 | 05-Apr-2026 | 05-May-2026 | 06-Apr-2026 | 06-May-2026 |
| 8. | રાહુલ આનંદા સોનવણે / 004-00403536 | 04-Apr-2026 | 04-May-2026 | 05-Apr-2026 | 05-May-2026 | 06-Apr-2026 | 06-May-2026 |
| 9. | રણજીતકુમાર રામચંદર સાત્રા / 004-00404610 | 04-Apr-2026 | 04-May-2026 | 05-Apr-2026 | 05-May-2026 | 06-Apr-2026 | 06-May-2026 |
| 10. | પ્રદીપકુમાર જવાહરલાલ યાદવ / 004-00404065 | 04-Apr-2026 | 04-May-2026 | 05-Apr-2026 | 05-May-2026 | 06-Apr-2026 | 06-May-2026 |
| 11. | ડાહ્યાભાઈ ઝવેરભાઈ રોહિત / 004-00000267 | 04-Apr-2026 | 04-May-2026 | 05-Apr-2026 | 05-May-2026 | 06-Apr-2026 | 06-May-2026 |
| 12. | નેહા ભૂષણ સતાનીસ / 004-00404567 | 04-Apr-2026 | 04-May-2026 | 05-Apr-2026 | 05-May-2026 | 06-Apr-2026 | 06-May-2026 |
| 13. | કિશોર રઘુનાથ માળી / 004-00403302 | 04-Feb-2026 | 04-May-2026 | 05-Apr-2026 | 05-May-2026 | 06-Apr-2026 | 06-May-2026 |
| 14. | ભાનુપ્રકાશ શેષનારાયણ શુક્લા / 004-00404620 | 04-Feb-2026 | 04-May-2026 | 05-Apr-2026 | 05-May-2026 | 06-Apr-2026 | 06-May-2026 |
| 15. | ઈન્દર બદલુ પાંડે / 004-00405095 | 04-Feb-2026 | 04-May-2026 | 05-Apr-2026 | 05-May-2026 | 06-Apr-2026 | 06-May-2026 |
| 16. | આશિષ કુમાર લક્ષ્મણપ્રસાદ પાંડે / 004-00403352 | 04-Feb-2026 | 04-May-2026 | 05-Apr-2026 | 05-May-2026 | 06-Apr-2026 | 06-May-2026 |
| 17. | વિશાલકુમાર ગજેન્દ્રભાઈ સોલંકી / 043-04300128 | 04-Feb-2026 | 04-May-2026 | 05-Apr-2026 | 05-May-2026 | 06-Apr-2026 | 06-May-2026 |
| 18. | હિરેનભાઈ મનસુખભાઈ કાવા / 004-00403487 | 04-Feb-2026 | 04-May-2026 | 05-Apr-2026 | 05-May-2026 | 06-Apr-2026 | 06-May-2026 |

ઉપરોક્ત નોટિસમાં અન્ય વિગતો યથાવત રહેશે.
તારીખઃ 08 એપ્રિલ, 2026
સ્થળઃ પલસાણા, સુરત

સહી/- અધિકૃત અધિકારી,
મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ